Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# મહિલાઓ અને રાજકારણ

અતુલભાઈ કાનજીભાઈ ધ્રુવ
સંશોધક અનુસ્નાતક રાજ્યનીતિશાસ્ત્ર વિભાગ સી.યુ.શાહ યુનિવર્સિટી, વઢવાણ

**એબસ્ટ્રેકટ:**

આઝાદીના સાત દાયકા બાદ હવે મહિલાઓના દરજ્જા, સ્થાન તેમજ સમાજની મહિલાઓ માટેની વિભાવનામાં નોંધનીય પરિવર્તન આવ્યું છે. હવે તેઓ અબળામાંથી સબળા બની છે. પરિવારથી પાર્લામેન્ટ સુધી નીતિ નિર્ધારણ ક્ષેત્રે મહિલાઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. સમાજે પણ મહિલા-શિક્ષણ, સુધારા તેમજ મહિલા શકિતકરણ દ્વારા નારીવાદની વિભાવનાને નવા આયામોમાં મૂર્તિમંત કરી છે.

વડોદરા નગરી સર સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) (૧૮૬૩-૧૯૩૯)ના શાસનને કારણે સંસ્કારી નગરી તરીકે સુવિખ્યાત છે. મહારાણી ચિમનાબાઈ પણ તેમના જેવા જ પ્રજાવત્સલ, ભલા, મહિલાઓના ઉત્કર્ષ માટે સતત ચિંતિત પ્રથમ નાગરિક હતાં. અખિલ હિંદ મહિલા પરિષદના તેઓ સ્થાપક પ્રમુખ હતા. તેમની સાથે હંસાબેન મહેતા, શારદાબેન મહેતા, તેમજ અમીનાબેન તૈયબજી જેવા અગ્રગણ્ય મહિલા નેતાઓના કારણે વડોદરા સતત કાર્યક્રમોથી કાયમ ધમધમતું હતું. અત્રે તેની આછેરી ઝલક રજૂ કરી છે.

પ્રસ્તુત સંશોધનપત્ર સંશોધકના મહાશોધનિબંધના એક ભાગ રૂપે હોઈ, તેમાં વડોદરા મહાનગરપાલિકામાં મહિલા નગરસેવિકાઓનાં યોગદાન, તેમની મિટીંગોમાં હાજરી, રજૂ કરેલા પ્રસ્તાવો, ચર્ચામાં લીધેલો ભાગ વગેરેની સુપેરે ચર્ચા કરી છે.

**મુખ્ય શબ્દો (Keywords):**વડોદરા, મહિલા સશકિતકરણ, રાજકારણ અને રાજકીય સહભાગિતા

**પ્રસ્તાવના:**

આઝાદીના સાત દાયકા બાદ જ્યારે ભારતીય લોકશાહીનો પાયો મજબૂત બન્યો છે, ત્યારે લોકશાહી દ્વારા વિકાસનાં ફળ સમાજના અંતિમ-છેવાડાના વ્યકિત સુધી પહોંચાડવાની તક ભારતીય બંધારણે આપી છે. સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં ૭૩મો તેમજ ૭૪મો સુધારો પસાર કરી મહિલાઓને ૩૩% અનામત બેઠકો (આરક્ષણ)ની જોગવાઈ કરવામાં આવી છે. આ રીતે મહિલાઓના સામાજિક-રાજકીય દરજ્જો, સહભાગિતા તેમજ ભૂમિકા ક્ષેત્રે પરિવર્તનની તક તેમને મળી છે. ભારતીય બંધારણે મહિલા તેમજ પુરુષની સમાનતાનો સ્વીકાર કર્યો છે. તેમજ તે માટે વિવિધ જોગવાઈઓ કરી છે. જો કે મહિલાઓનું આ યોગદાન પર્યાપ્ત નથી, પરંતુ, તેમ છતાં મહિલાઓએ રાજકારણમાં પદાર્પણ કર્યું છે તે નોંધપાત્ર બાબત છે.

મહિલા અને પુરુષ સમાજ રથનાં બે પૈંડા છે તે બંનેની ગતિ સમાન હોવી જોઈએ, તો જ સમાજ વિકાસના પથ પર અગ્રસર બની શકે. મહિલાઓ હવે દરેક ક્ષેત્રમાં અગ્રેસર બની છે રીક્ષા ડ્રાઈવર, ટ્રક ડ્રાઈવર, એન્જિન ડ્રાઈવર તેમજ વિમાનમાં પાયલોટ પણ બની છે. શિક્ષિકાથી માંડી વકીલ, ડોકટર, ઈજનેરી, મેનેજર, આમ દરેક ક્ષેત્રે મહિલા પુરુષ સમોવડી બની છે તેમજ નીતિ નિર્ધારણ પ્રકિયામાં પણ પરિવારથી માંડી પાર્લામેન્ટ સુધી ભાગ લે છે.

ભારતમાં તેમજ વિશ્વમાં ૧૯૭૫નું વર્ષ મહિલા વર્ષ તરીકે ઉજવાયું તેમજ ૧૯૭૫-૮૫નો દાયકો મહિલા દાયકા તરીકે ઉજવાયો. આ રીતે મહિલાઓના દરેક ક્ષેત્રમાં પદાર્પણને ભારત તેમજ વિશ્વએ પુષ્ટિ આપી છે. પ્રસ્તુત સંશોધનપત્ર 'મહિલાઓ અને રાજકારણ'માં વડોદરા મહાનગરપાલિકામાં મહિલાઓના યોગદાન તરીકેના સંશોધકના મહાશોધનિબંધના એક ભાગ તરીકે ગાયકવાડ શાસન સમયે મહિલાઓના યોગદાન તેમજ વડોદરા મહાનગરપાલિકામાં ૨૦૦૧ થી ૨૦૧૫ સુધીનાં આંકડા સાથે, મહાનગરપાલિકામાં મહિલા કોર્પોરેટરોના યોગદાનની ચર્ચા કરેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૫ દરમ્યાન વડોદરા મહાનગરપાલિકામાં ચૂંટાયેલા ૭૯ મહિલા નગરસેવિકાઓએ આપેલા યોગદાનની અત્રે રજૂઆત કરી છે. ૭૯ મહિલા સભ્યોમાંથી પ્રત્યક્ષ રીતે ૪૧ મહિલા સભ્યોની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત દરમ્યાન મળેલી માહિતીમાંથી નીચે મુજબના સંશોધનનાં તારણો તારવવામાં આવ્યા છે.

**તારણો (નિષ્કર્ષો)**:

1. પ્રથમ (૨૦૦૧ થી ૨૦૦૫) ટર્મમાં ૮૮.૪૬%, બીજી (૨૦૦૬ થી ૨૦૧૦) ટર્મમાં ૮૯.૨૮% તેમજ તૃતીય (૨૦૧૧ થી ૨૦૧૫) ટર્મમાં ૮૮.૦૦% મહિલા સભ્યો હાજર હતા.
2. ગૃહની ચર્ચામાં મહિલા કોર્પોરેટરોનું યોગદાન પ્રથમ (૨૦૦૧ થી ૨૦૦૫) ટર્મમાં ૬૯.૨૪%, બીજી (૨૦૦૬ થી ૨૦૧૦) ટર્મમાં ૫૩.૫૭% તેમજ તૃતીય (૨૦૧૧ થી ૨૦૧૫) ટર્મમાં ૭૬.૦૦% મહિલા સભ્યોનું યોગદાન હતું.
3. સામાન્ય રીતે સભ્યો પોતાના વિસ્તારના વિકાસને લગતા પ્રશ્નો-પ્રસ્તાવો સભામાં રજૂ કરતા હોય છે વડોદરા મહાનગરપાલિકામાં મહિલા નગરસેવિકાએ રજૂ કરેલા પ્રસ્તાવો પ્રથમ (૨૦૦૧ થી ૨૦૦૫) ટર્મમાં ૨૨ પ્રસ્તાવો, બીજી (૨૦૦૬ થી ૨૦૧૦) ટર્મમાં ૩૨ પ્રસ્તાવો તેમજ તૃતીય (૨૦૧૧ થી ૨૦૧૫) ટર્મમાં ૮૨ પ્રસ્તાવો મહિલા સભ્યો દ્વારા રજૂ કર્યા હતા.

**નારીરત્નો**:

ઈતિહાસના પૃષ્ઠોમાં અનેક નારીરત્નોનાં નામ સુવર્ણ અક્ષરે લખાયેલાં છે. સમ્રાટ અશોકની પુત્રી સંઘવી (ઈ.પૂર્વે ૩૪૦-૩૧૪) બૌદ્ધ ધર્મના પ્રચાર-પ્રસાર અર્થે દક્ષિણ

એશિયાના દેશોમાં ગઈ હતી. ગાર્ગી, બુદ્ધનાં પત્ની યશોધરા, અત્રિઋષિનાં પત્ની અનસૂયા, વશિષ્ઠ ઋષિનાં પત્ની અરુંધતી, ગૌતમ ઋષિનાં પત્ની અહલ્યા, અજના પત્ની ઈંદુમતી, પાતાળલોકના સર્પરાજ કૌરવ્યની પુત્રી તેમજ અર્જુનને વરનાર પાંચાલી, જનકપુત્રી સીતા તેમજ ઊર્મિલા, સ્વર્ગની અપ્સરાઓ તિલોત્તમા, મેનકા, નળરાજાની પત્ની દમયંતી, યયાતિનાં પત્ની દેવયાની, અગસ્ત્ય ઋષિનાં પત્ની લોપામુદ્રા, દૈત્યરાજ વૃષપર્વાની પુત્રી તેમજ યયાતિનાં બીજાં પત્ની શર્મિષ્ઠા, શ્રીકૃષ્ણ ભગવાનની પટરાણી સત્યભામા અને રુકમણી, હરિશ્ચંદ્રનાં પત્ની તારામતી, રામાયણમાં રાવણને સાચી સલાહ આપનાર મંદોદરી તેમજ ત્રિજટા, નકારાત્મક ભૂમિકામાં કૈકેયી તેમજ મંથરા, હનુમાનજીના માતા અંજની, મહાભારતકાળમાં અંબા, અંબિકા, અંબાલિકા, પાંડવોની માતા કુંતિ, કૌરવોની માતા ગાંધારી વગેરે અગ્રગણ્ય નારીરત્નો છે.

આઝાદીમાં ભાગ લેનાર અહલ્યાબાઈ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, સરોજિની નાયડુ, કસ્તુરબા, સુચિતા ક્રિપલાની, શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત, મણિબેન પટેલ, દરબાર ગોપાલદાસના પત્ની ભક્તિબા વગેરેએ ભારતની આઝાદીમાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું.

આઝાદી બાદ ત્વરિત નિર્ણય શકિત ધરાવતાં ભારતના મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરાબેન ગાંધી, પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ પ્રતિભાબેન દેવસિંહ પાટીલ, પ્રથમ મહિલા સ્પીકર મીરાંકુમાર, હાલના સ્પીકર સુમિત્રા મહાજન, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ તેમજ સંરક્ષણ મંત્રી ------------વગેરે મોખરે છે. આ ઉપરાંત ભારતના દરેક રાજ્યમાં રાજ્યપાલ તેમજ મુખ્ય મંત્રીના પદને શોભાવી નારીરત્નોએ પોતાનું મહત્વ પ્રસ્થાપિત કરેલ છે.

પ્રથમ સ્પેશયાનમાં પ્રવાસ કરનાર ભારતીય સન્નારી કલ્પનાબેન ચાવલા, વેપાર ઉદ્યોગ ક્ષેત્રે અરુંધતીબેન ભટ્ટાચાર્ય (એસ.બી.આઈ.ના સીઈઓ) મહિલા-લેખિકાઓ નીરાબેન દેસાઈ, તારાબેન પટેલ વગેરે નારીરત્નોએ સમાજમાં પોતાના બહુમૂલ્ય યોગદાન દ્વારા મહિલાઓને પ્રતિષ્ઠા અપાવી છે.

**મહારાજા ગાયકવાડના શાસન દરમ્યાન વડોદરાનાં નારીરત્નો**:

પ્રસ્તુત અભ્યાસલેખ વડોદરા મહાનગરપાલિકામાં મહિલાઓના પ્રદાન પર આધારિત છે. ત્યારે મહારાજા સયાજીરાવ ગાયકવાડના શાસન દરમ્યાનના નારીરત્નોનો ઉલ્લેખ જરૂરી છે. સર સયાજીરાવના શાસનકાળ દરમ્યાન નારીરત્નોએ અનેક ક્ષેત્રે બહુમૂલ્ય પ્રધાન કર્યું છે. તેમનાં સહધર્મચાહિણી મહારાણી ચિમનાબાઈ પોતે પણ એક સમાજસુધારક, મહિલા શિક્ષણનાં હિમાયતી તેમજ મહિલાઓના કલ્યાણ માટે કાયમ ચિંતિત સન્નારી હતાં. આજે પણ તેમના નામ સાથે જોડાયેલ ચિમનાબાઈ હોસ્પિટલ, મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલ, શ્રી ચિમનાબાઈ સ્ત્રી ઉદ્યોગાલય જેવી સંસ્થાઓ કાર્યરત છે. ગુજરાત રાજ્યની સ્થાપના બાદ શ્રી જીવરાજ મહેતા તેમજ તેમનાં

પત્ની હંસાબેન મહેતા મુંબઈથી ગુજરાતમાં આવ્યાં. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના તેમના અથાગ પ્રયત્નોથી થઈ. યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર થવાનું માન શ્રીમતી હંસાબેન મહેતાને મળ્યું. આજે પણ તેમની યાદમાં શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી કાર્યરત છે. આ ઉપરાંત ગુજરાતના પ્રથમ મહિલા સ્નાતિકા શ્રીમતી શારદાબેન મહેતા, વડોદરાના દિવાન સર મનુભાઈ મહેતાનાં પત્ની શ્રીમતી ધનવન્તાબેન મહેતા, અમીનાબેન તૈયબજી, સર સયાજીરાવનાં પુત્રવધુ શ્રી શકુન્તલા રાજે, જયવંતીબેન દેસાઈ, સરસ્વતીબેન, ચંદનબેન, અવન્તિકાબહેન આચાર્ય, પ્રેમલીલાબેન મહેતા, ભગિની સમાજનાં પીઢ કાર્યકર્તા ગુલાબબાઈ, વત્સલાબહેન આંબેગાંવકર, સુભદ્રાબાઈ પગાર, રમાબાઈ કિન્તી, દ્વારકાંબાઈ તેલંગ, અંગ્રેજ બહેન મીસ નીડહામ, મીસ ચિત્રેબાઈ, (હોસ્ટેલનાં સુપ્રિન્ટેન્ડન્ટ), આર્યકન્યા મહાવિદ્યાલયના પ્રણેતા સુશીલાબહેન પંડિત, જ્યોતિ વ્યાયામ મંડળનાં કુમુદબહેન ઠાકોર, રમાબહેન ઠાકોરે, કવયિત્રી સ્વ.સવિતાલક્ષ્મી હ.બૂચ, દીપકલા દેસાઈ, તેમનાં પુત્રી સુરેખાબહેન મજમુદાર, જયંતીદેવી, પ્રેમીલાદેવી આ બધાં જ નારીરત્નોએ સયાજીરાવ ગાયકવાડના શાસન દરમ્યાન વિવિધ ક્ષેત્રે પોતાનું બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું, જેના કારણે વડોદરા નગરી એક સંસ્કારનગરી તરીકે જગવિખ્યાત છે.

**મહિલા સશકિતકરણ અને રાજકીય સહભાગિતા:**

આઝાદી પહેલાં રાજકીય ક્ષેત્રે મહિલાઓની સહભાગિતાનું પ્રમાણ નગણ્ય હતું. પરંતુ છેલ્લા સાત દાયકાઓ દરમ્યાન મહિલા-શિક્ષણ, મહિલા-જાગૃતિ તેમજ સમાજમાં મહિલાઓ પ્રત્યેની વિભાવના (દ્રષ્ટિકોણ) માં આવેલ નોંધનીય તેમજ લાક્ષણિક પરિવર્તનને કારણે હવે મહિલાઓએ સમાજના દરેક ક્ષેત્રમાં તેમજ ખાસ કરીને રાજકારણ ક્ષેત્રે પદાર્પણ કર્યું છે.

મહિલા સશકિતકરણ એટલે “મહિલાને આર્થિક-સામાજિક રીતે પગભર (Independent) કરીને રાજકારણ, નીતિ નિર્ધારણ તેમજ સમાજના દરેક ક્ષેત્રે મહિલાઓની સંપૂર્ણ સહભાગિતા” તેવો અર્થ તારવી શકાય.

ઈ.સ. ૧૯૭૫માં કોપનહેગનમાં સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૭૫ને આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ, તેમજ ૧૯૭૫-૧૯૮૫ના દાયકાને આંતરરાષ્ટ્રીય દશકા તરીકે ઉજવવાનું નક્કી થયું હતું. જો કે, મહિલાઓને મતાધિકાર સંયુક્ત રાજ્ય અમેરિકા (USA)માં મેસારયુસેટસ રાજ્યને ઈ.સ.૧૬૧૧માં પ્રાપ્ત થઈ ચૂકયો હતો. ત્યારબાદ વિશ્વના બધા દેશોમાં મહિલા મતાધિકારની ચળવળને વેગ મળ્યો હતો.

મહિલાઓનું રાજકારણ ક્ષેત્રે પ્રતિનિધિત્વ વધે તે માટે સ્વ.રાજીવ ગાંધીએ સ્થાનિક સ્વશાસન સંસ્થાઓમાં ૩૩% અનામતની જોગવાઈનો પ્રસ્તાવ મુક્યો હતો. પરંતુ

સ્વ.નરસિંહરાવની સરકાર દરમ્યાન બંધારણના ૭૩મા તેમજ ૭૪મા સુધારા અનુસાર ૧૯૯૨માં આ ઠરાવ પસાર થયો અને ૧૯૯૩ થી તેનું અમલીકરણ થયું.
ભારત જેવા સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશમાં રાજકારણમાં મહિલાઓની સહભાગિતા પરત્વે વિવિધ રાજકીય પક્ષોની ભૂમિકા કેન્દ્રસ્થાને છે. રાજકારણમાં મહિલાઓના યોગદાનની વાત કરીએ તો ૧૯૫૭-૬૨ દરમ્યાન શ્રીમતી લક્ષ્મી મેનન સૌ પ્રથમ સંરક્ષણ જેવા અગત્યના ખાતાના પ્રધાન હતા. હાલ પણ શ્રીમતી સીથારામન સંરક્ષણ ખાતાના પ્રધાન છે. તે નોંધનીય બાબત છે. ૧૯૬૯-૭૪ દરમ્યાન તારકેશ્વરી સિન્હા તેમજ ડૉ.સુશીલા નાયર જેવા પ્રધાનો સંસદમાં ગમે તેવા અટપટા પ્રશ્નોના તાર્કિક તેમજ મુદ્દાસર ઉત્તર આપતા હતા.
તાલિમનાડુના મુખ્યપ્રધાન સ્વ.જયલલિતા, રાજસ્થાનના મુખ્યપ્રધાન શ્રીમતી વિજયરાજે સિંધિયા, તેમજ પશ્ચિમ બંગાળના મમતા બેનરજી ભલભલા મહાનુભાવોને હંફાવે છે. ૧૯૬૯માં શ્રીમતી ગાંધીએ કામરાજ યોજના હેઠળ મોરારજી દેસાઈ જેવા સિનિયર પ્રધાનોને પડતા મૂકી, સાલિયાણા નાબૂદી તેમજ બેંકોના રાષ્ટ્રીયકરણ જેવા ત્વરિત નિર્ણયો લઈ પોતાની નિર્ણાયક શકિતનો પરચો બતાવ્યો હતો. રાજ્યસભામાં શ્રીમતી નઝમાં હેયતુલ્લા અધ્યક્ષા હતા. રેણુકા ચૌધરી તો ખૂબ જ આગળ પડતા, બોલકા તેમજ સિનિયર સંસદ સભ્ય છે. ગુજરાતમાં સરલાદેવી, ઊર્મિલાબેન પટેલ, જયાબેન ઠકકર વગેરે મહિલા રાજકારણીઓએ મહત્વનું યોગદાન આપ્યું છે.

**વડોદરા મહાનગરપાલિકામાં મહિલાઓનું યોગદાન**:

વડોદરા શહેરની વધતી જતી વસ્તી અને તેના પ્રશ્નોના નિરાકરણ માટે તારીખ:૦૧/૦૪/૧૯૬૬થી વડોદરાને મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરજ્જો આપવામાં આવ્યો.
વર્ષ ૧૯૬૬ થી ૨૦૧૬ સુધીમાં દશ વખત વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી થઈ છે. અભ્યાસ હેઠળના વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૫ દરમિયાન મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓમાં મહિલા અધ્યક્ષા તરીકે ૨૫ મહિલા નગરસેવિકાઓએ સ્થાન પ્રાપ્ત કરેલ, ઉપાધ્યક્ષા તરીકે ૩૯ મહિલા નગરસેવિકાઓએ પદ શોભાવ્યું અને સભ્યો તરીકે ૧૭૩ મહિલાનગર સેવિકાનેઓએ કામગીરી કરેલ છે. આ સમય ગાળા દરમિયાન ૦૯ નગરસેવિકાઓ બે વખત ચૂંટાઈ આવ્યા અને બાકીના ૬૧ મહિલા સભ્યો એક વખત ચૂંટાઈ આવ્યા છે, તેમાંથી ૦૨ મહિલાઓએ મેયર પદ શોભાવ્યું અને ૦૭ મહિલાઓએ ડેપ્યુટી મેયર પદે રહ્યાં. જેમાંથી એક ડેપ્યુટી મેયરે બે વખત પદ ઉપર રહ્યા હતા. જે મહિલાઓનું ગૌરવ વધારે છે.
સંશોધન હેઠળના કાર્યકાળ દરમ્યાન મહાનગરપાલિકાની મીટીંગોમાં મહિલા કોર્પોરેટરોની હાજરી જોઈએ, તો પ્રથમ (૨૦૦૧ થી ૨૦૦૫) ટર્મમાં ૮૮.૪૬%, બીજી (૨૦૦૬ થી ૨૦૧૦) ટર્મમાં ૮૯.૨૮% તેમજ તૃતીય (૨૦૧૧ થી ૨૦૧૫) ટર્મમાં ૮૮.૦૦% મહિલા સભ્યો હાજર રહી પોતાની ભૂમિકા નિભાવતા હતા.

ગૃહની ચર્ચામાં મહિલા કોર્પોરેટરોનું યોગદાનની વાત કરીએ તો પ્રથમ (૨૦૦૧ થી ૨૦૦૫) દરમ્યાન ૬૯.૨૪%, બીજી (૨૦૦૬ થી ૨૦૧૦) દરમ્યાન ૫૩.૫૭% તેમજ તૃતીય (૨૦૧૧ થી ૨૦૧૫) દરમ્યાન ૭૬.૦૦% મહિલા કોર્પોરેટરોએ ગૃહમાં ચર્ચામાં ભાગ લીધો હતો. આમ, તેઓ ગૃહની ચર્ચામાં સક્રિય રહી હતી.

સામાન્ય રીતે સભ્યો પોતાના વિસ્તારના વિકાસને લગતા પ્રશ્નો-પ્રસ્તાવો સભામાં રજૂ કરતા હોય છે વડોદરા મહાનગરપાલિકામાં મહિલા નગરસેવિકાએ રજૂ કરેલા પ્રસ્તાવો પ્રથમ ટર્મ (૨૦૦૧ થી ૨૦૦૫) દરમ્યાન ૨૨ પ્રસ્તાવો, બીજી ટર્મ (૨૦૦૬ થી ૨૦૧૦) દરમ્યાન ૩૨ પ્રસ્તાવો તેમજ તૃતીય ટર્મ (૨૦૧૧ થી ૨૦૧૫) દરમ્યાન ૮૨ પ્રસ્તાવો મહિલા કોર્પોરેટરો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. જે બધા જ સર્વાનુમતે પસાર થયા હતા. તેમજ તદનુસાર કાર્યાન્વયન થયું હતું. આમ, મહિલા કોર્પોરેટરોએ પોતે જે વિસ્તારમાંથી ચૂંટાયા હતા તે વિસ્તારના રસ્તા, પાણી, વીજળી જેવા પ્રશ્નો કોર્પોરેશનની સભા સમક્ષ મૂકી પસાર કરાવ્યા હતા. તેમજ તેનું કાર્યાન્વયન કરાવ્યું હતું. આ રીતે પોતાના વિસ્તારના મતદારોના કામ ખાસ રસ લઈ પરિપૂર્ણ કરાવ્યા હતા.

**ઉપસંહાર:**

સ્વતંત્રતા પહેલા એમ માનવામાં આવતું હતું કે રાજકારણ એ મહિલાઓનો વિષય નથી. પુરુષ પ્રધાન સમાજમાં મહિલાઓને રાજકારણથી દૂર રાખવાનો પ્રયાસ થતો હતો કારણ કે પુરુષો એમ માનતા હતા કે મહિલાઓ સરળ તેમજ શાંત હોય છે. તેથી ખટપટવાળા રાજકારણમાં તેમની ચાંચ ડૂબે નહિ, પરંતુ શિક્ષણના વિકાસની સાથે સાથે મહિલાઓમાં જાગૃતિનું પ્રમાણ વધ્યું. જોકે ઈતિહાસના પૃષ્ઠો ઉપર અહલ્યાબાઈ, લક્ષ્મીબાઈ, ચાંદબીબી જેવી મહિલાઓએ પુરુષોને પણ પાછળ પાડી દીધા હતા. આ રીતે મહિલાઓનું રાજકારણમાં હોવું એ નવી વાત નથી. ઘરના સામાન્ય રાજકારણથી માંડી પાર્લામેન્ટમાં પણ મહિલાઓ પોતાના સ્વબળે આગળ આવી છે તેમજ મહિલાઓનું પ્રતિનિધિત્વ કરી રહી છે.

આમ છતાં આજની પ્રજાતંત્રીય પ્રણાલીમાં મહિલા અને પુરુષ બંનેને વિકસવાની સમાન તક મળી નથી. પશ્ચિમના દેશો તેમજ મુસ્લિમ દેશો સહિત વિશ્વના તમામ દેશોમાં રાજકારણમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ નગણ્ય છે.

કુદરતે મહિલા અને પુરુષનું સમાન રીતે સર્જન કર્યું છે. તેમજ કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યો નથી. તેમ છતાં પુરુષપ્રધાન સમાજમાં મહિલાઓને રાજકારણના ક્ષેત્રે આગળ આવવાની જોઈએ એટલી તક મળી નથી. જોકે ૭૩મા તેમજ ૭૪મા બંધારણીય સુધારા પછી મહિલાઓમાં જાગૃતિ આવી છે. તેઓ હવે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા તેમજ મહાનગરપાલિકામાં પૂરતા પ્રતિનિધિત્વ સાથે મહિલાઓ આગળ આવી રહી છે. તે સારી વાત છે. આમ, પ્રસ્તુત પ્રલેખમાં વડોદરા મહાનગરપાલિકામાં મહિલાઓના પ્રદાનની ચર્ચા કરેલ છે.

**સંદર્ભગ્રંથો**:


1. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.
2. છિલ્લર મંજુલતા, ભારતીય નારી, (શીર્ષક કે બદલને આયામ), પ્રથમ સંસ્કરણ, ૨૦૧૦. (હિન્દીમાં)
3. મોતિયાની પુષ્પાબહેન, મહિલા વિકાસ કી નઈ દિશા, કર્ણાવતી પબ્લિકેશન્સ, ૧૯૯૮. (હિન્દીમાં)
4. શર્મા પ્રજ્ઞા, ભારતીય સમાજમેં નારી, પોઈન્ટર પબ્લિશર્સ, રાજસ્થાન ૨૦૦૧, (હિન્દીમાં)
5. Jharta Bhavana, Women and Politics in India, Deep and Deep Publications, 1996.
6. Kulkarni N., Women and Leadership, Pointer Publishers, Jaipur, 2006.
7. Mathur Divya, Women Development and Society, Mark Publishers, Jaipur, 2010.
8. Maitry Anjana, Women in a Changing Society, Publishing House, Punjab, New Delhi, 1993.
9. Saxena K.S., Women's Political Participation in India, Sublime Publications, Jaipur, 1999.